અર્પણ પત્રિકા.

મહેરબાન ખંડુભાઇ ઇંદ્રજીત દેશાઇ, એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર સાહેબ; જામનગર સ્ટેટ.

સવૈયા—એકત્રીશા.

શાણા છો સરદાર અતિશે, વિવેકીને વળી વિદ્યાવંત,
કેળવણીની વૃદ્ધિ કરવા, ખચિત ચિત્તમાં રાખી ખંત;
દિલથી પ્યાર અપાર જણાવી, દ્યો છો વિદ્યા કેરૂં દાન,
ખંતીલા બહુ **ખંડુભાઇ**, સજ્જનમાં પામ્યા સન્માન. ૧
લઇ સરસ કેળવણી સ્કૉલર, આનંદી નિરખું છું આજ,
પ્રતાપ આપ તણો સહુ માની, આશિષ આપે છે શિરતાજ;
વિધ વિધ યત્ન વડે વિદ્યાદઇ, બહુજ બનાવ્યા વિદ્યાવાન,
ખંતીલા બહુ **ખંડુભાઇ**, સજ્જનમાં પામ્યા સન્માન.
પાલીતાણા રાજદુર્ગમાં, રહિને પ્રેમ સંપાદન કીધ,
જરૂર વળી જન જાણે છે કે, જામનગર માંહે જશ
જામ **જશાજી** પણ આપે, આપ્યું ઇંગ્લિશનું બહુ જ્ઞાન,
ખંતીલા બહુ ખંડુભાઇ, સજ્જનમાં પામ્યા સન્માન.
કાગળ રણમાં વિજય કરીને, રાખ્યું સરવે સ્થળમાં નામ,
ઇંદ્રજીત સુત આજ નિહાળું, ઉજળી કિરતી ઠામો ઠામ;
સેવક **મોતીચંદ** સ્નેહથી, અરપે પુસ્તક ચતુર સુજાન,
ખંતીલા બહુ **ખંડુભાઇ**, સજ્જનમાં પામ્યા સન્માન

પ્રસ્તાવના.

હાલમાં તમામ ગૂજરાતી સ્કૂલમાં ચાલતા "ગૂજરાત દેશના સંક્ષિપ્ત ઈતિહાસ" ને આધારે આ ન્હાનું કવિતા રૂપ પુસ્તક રચી, છપાવી બહાર પાડવામાં આવ્યું છે, વળી તે ભણનાર વિદ્યાર્થીઓને તેમજ ભણાવનાર શિક્ષકોને સરળ થઈ પડે ને આનંદ આપે એટલા વાસ્તે ઘણી સંભાળથી જાણીતા શબ્દોજ વાપર્યા છે અને જે હકીકત સદરહુ ઈતિહાસમાં છે, તે સઘળી કનાર ... છે; તોપણ તેની અંદર જે કંઈ દોષ જણાય તેની સૂચ... ...એથી ઉપકાર સાથે સુધારવામાં આવશે.

આગળના થઇ ગએલા રાજા અને હાલના રાજાઓન માતમાં શો તફાવત છે તે સરખામણી કરવાથી માલૂમ પડે ...જ બુદ્ધિ વધે છે, રાજનીતિ વિષે ખબર પડે છે, ગવ ટ... ..., મનને શાન્તિ મળે છે, ધીરજ વધે છે, આનંદ પમાય છે ...ણું દિલ થાય છે, મનમાં હિમ્મતનો જુસ્સો આવે છે અ...નું સંસારિક જ્ઞાન મળે છે, જેથી તમામ સારાસારનું ભાન થ... એટલે દુનિયામાં કેવી રીતે ચાલવું; તેમજ પરમેશ્વરની ભક્તિ ... જ્ઞાન પણ વધે છે, એ આદિ ઈતિહાસ શીખવાના ઘણા ... માટેજ બીજી કેળવણીની સાથે ઐતિહાસિક કેળવણીની ...રૂરજે જરૂર પડે છે; આ તમામ બાબત મહેતાજીએ ...ંએથી સમજાવવી; અને બરાબર હકીકત ઈતિહાસમાંથી ...થી સમજાવ્યા બાદ આ ચોપડીનો ટેક્સ્ટ બુક તરીકે ...ાથી અવશ્ય ફાયદો મળશે.

લિ. કર્તા.

ગુજરાત દેશના સંક્ષિપ્ત ઇતિહાસનું

કવિતા રૂપ વર્ણન.

દોહરો.

આવી વસ્યા આ દેશમાં, મુળમાં ગુર્જર લોક,
નામ કર્યું ગુજરાત* આ, જાણો સર્વ છ્યોક.

લાવણી. સવૈયાને ઢાળે.

દ્વારિકાંમાં રાજ હતું શુભ, જાદવવંશી કૃષ્ણતણું,
એક સમે સોમનાથતણી, જાત્રા કરવા માણસ ગયું ઘણું;
કેફ કરીને તે વેળા ત્યાં, એક બીજાથી બહુ બાઝયા,
નાશ થયો નિજ રાજતણો પણ, લડતાં લેશ નહિ લાજ્યા
ગઇ[1] ગાદી વલભીપુર નાશે, પછી થયું પંચાસર રાજ,
અણહિલપુર પાટણમાં રાજા, વડો થયો પછીથી વનરાજ;
છેવટ સામતસીંહ ચાવડો, દુરગુણી નબળો નિવડયો,
મામાને મારી મુળરાજતે, રાજતણો વારસ થઇ પડયો.
સોળંકીની સત્તા જામી, ત્રણસોને બે વર્ષ લગી,
ભીમ કરણ સિધરાજ શુરાને, શત્રુ કોય શક્યા ન ડગી[2];
સોળંકીમાં છેવટ નબળો, રાય થયો ત્રિભુવન પાળ,
વાઘેલા વંશી વીશળદે[3], તે વેળા આવ્યો તતકાળ.

---

* એવું પણ કહે છે કે— દોહરો.

ગુર્જર રહુ ભટારકે, સ્થાપ્યું વલભીરાજ.
એ પરથી ગુજરાત આ, નામ કહું છે આ.

૧ ગયું. ૨ ડગાવી. ૩ વિશળદેવ.

બાપેતાની સત્તા જામી, સાઠ વરસ સુધી ઓકાર,
વિનાશ કાળે વિપરિત બુદ્ધિ, કરણરાયને સુઝોયાર;
પ્રધાન પોતાના માધવના,[1] નાર ફૂટડી જોઇ ઘણી,
કબજે કરવા ધારી મુકયો, માધવને કચ્છ દેશ ભણી. ૫
માધવને એ ખબર થવાથી, દિલ્લી જઇ ફરિયાદ કરી,
અલાદિને એથી ખુશ થઇને, લડવા ફોજ મુકી જબરી;
કરણ લડયો બહાદૂરીથી પણ, અજાણતાં હલ્લાં કીધો,
છેવટ કરણ તણી રાણીને, યવનોએ નિજ હાથ લીધો. ૬
કરણ તણી રાણીને પરણ્યો, એ રીતે દિલ્લી સુલતાન,
વળી તેમની બેટીને નિજ, પુત્ર સાથ પરણાવી જાણ;
કરણ બિચારો રવડી રખડી, મુઓ એજ રીતે નિરધાર,
ખબર તણું ઇચ્છી અંતરથી, ખોયું નિજનું નકી વિચાર. ૭

——(૦)——

વલ્લભી રાજની હકીકત.

દોહરા.

ભાવનગરથી ઉતરે, થોડા ગાઉ દૂર,
વળા ગામ પાસે હતું, મોટું વલભીપૂર. ૮
ક્યારે તે સ્થાપન થયું, વળી વસ્યું શી રીત,
ક્યારે નાશજ પામીયું, નથી જણાયું ખચીત. ૯
વલભીપુરની ગાદીપર, થયા અઢાર નરેશ,
તેમાં છેલ્લા પાંચ તે, વખણાયા છે એશ. ૧૦

---

૧. માધવ અને કેશવ નામે નાગર બ્રાહ્મણ કારભારી હતા. તે માધવને કચ્છમાં ઘોડા લેવા મોકલ્યો ને કેશવનું ખુન કરી સ્ત્રીને પરણ્યો.

પંચાસર રાજ્યની હકીકત.

દોહરા.

પંચાસરમાં ચાવડા, રજપુત કેરૂં રાજ,
પ્રથમ હુવો ગાદીપતી, જયશિખરી મહારાજ. ૧૧
છસોછનું ઈસ્વીસને, કરવા લાગ્યો રાજ,
પચાસ વરસમાં તેમણે, પૂર્ણ વધારી લાજ. ૧૨
કલ્યાણી નગરી વિષે, કનોજ દેશની માંય,
એ વખતે વખણાયલો, ભુવડ[1] ભૂપતિ જ્યાંય. ૧૩
જયશીખરની કીરતિ, આણાદીની વાત,
શંકર દવિએ ભુવડની, પાસ કહી સાક્ષાત. ૧૪
લોભાયું મન ભુવડનું, લડવા થયો[2] તૈયાર,
મોકલિયો ઝટ મીરને, પણ તે પામ્યો હાર. ૧૫
ભુવડ હામ બીડી ચડયો, પંચાસર પર પંડ,
બાવન દિન ઘેર્યું નગર, દારૂણ જામ્યું દંદ. ૧૬
જયશિખરે સુરપાળને, કહ્યું વચન એ વાર,
બચવું બહુ મુશ્કેલ છે, રે શાણા સરદાર. ૧૭
હવે તાહરી બેનને, વનમાં મૂકી આવ,
તેના ગર્ભ તણો કરે, તે પરમેશ બચાવ. ૧૮
પ્રસવે તેને પુત્ર જો, હોય પ્રભુની મ્હેર.

---

૧. આ રાજાને સોળ જોધ્ધા હતા તેનાં નામ. ૨ થયો.

દોહરો.

અંદ, દંદ, ભટ, વેદ, વિર, સિંહ સિંધુ, ગિર, ધિર,
સામત, ધિમત, ધનવી, પદ્મ, ભીમ, મહારથી મીર.

તો જાણું હું કામહિત, જાણે નાર્ં વેર. ૧૯
ભુવડ અને જયશિખરની, લડાઇનું પરિણામ,
આખર આવ્યું તે કહું, તેથી જાણ તમામ. ૨૦
જોધ્ધા જયશીખર તણા, ખૂટ્યા જેણીવાર,
લડતાં રણમાં તે પડ્યો, છેવટ પામ્યો હાર. ૨૧
ગયું હવે ગુજરાત આ, રાજ ભુવડને હાથ,
પ્રધાન મૂકી પંડનો સ્વદેશ ગયો[3] સૌ સાથ. ૨૨

વનરાજ ચાવડો.

દોહરા.

જયશીખરની રાણીને, પ્રસવ્યો વનમાં પુત,
શી રીતે મોટો થયો, તેની દઉં સમજૂત. ૨૩
બચી મળી કો ભીલડી, રક્ષણ કીધું રોજ
કુંવર ગુપ્ત રાણીએ, મનથી માની મોજ. ૨૪
વનમાં માસ છ વીતિયા, જૈન સાધુ[1] જતિ એક,
પટરાણી જયશિખરની, જાણી ધરી વિવેક. ૨૫
કુંવરની રેખા અને, નિરખી રૂપ અનૂપ,
જાણ્યું જતિએ એ થશે, ભાગ્યશાળી મ્હા ભૂપ. ૨૬
એમ વિચારી આશરે, તેડી ચાલ્યો બેય,
રક્ષણ રોજ કરી બહું, હિમ્મત રૂડી દેય. ૨૭
વનમાં કુંવર અવતર્યો, નામ ધર્યું વનરાજ,
બાર વરસની વય થતાં, બહાદુર થયોરે મ્હારાજ. ૨૮

ગયો.

[1] શીલગુણસૂરી ૨. ૨જો.

મામાની સંગે રહી, શીખ્યો યુદ્ધ તમામ,
બારવટામાં બે જણા, જતા ધરી મન હામ. ૬૯
પણ મામાના મર્ણથી, ઓથ ગઈ જે વાર,
સૌ મિત્રોની સહાયથી, નડી ન ક્હીક લગાર. ૭૦

હરિગીત છંદ.

ગુજરાતમાં આ અવસરે, બહુ જોર ભૂવડ ભૂપનું,
વનરાજને તેથી કરી, સંકટ નડ્યું વનનું ઘણું;
આપેલ મીનળદેવીને, ભુવડે ઉપજ ગુજરાતની,
તે પાસથી બહુ લુટ મળી, વનરાજને ભલિભાતની. ૭૧

સવૈયો.

મીનળદેવી તણાં માણસો, લઇ ખજાનો એક સમે,
જતાં હતાં ગુજરાત બણીથી, કહું છું તે સાંભળજો તમે;
તેના ઉપર લૂટી પડીને, વનરાજે લઇ લીધ તમામ,
એ દોલતથી સરસ્વતિતિર, અણહિલપુર* વસાવ્યું ગામ. ૭૨

દોહરો.

શુદ વૈશાખી પૂનમે, જન્મ[1] થયો શીકાર,
સાઠ વર્ષ લગી એમણે, ચલાવિયો અધિકાર.

દોહરા.

અણહિલપુર પાટણ વિષે, પટો થયો વનરાજ,
[2]યોગરાજ એના પછી, જાણી લ્યો શૈગરાજ.

---

* ઇ. સ. ૭૪૬ માં અણહિલ ભરવાડના નામથી વસાવ્યું.
1 વિક્રમ સંવત્ ૭૫૨.
2 બીજુ નામ વિજયસીંહ એ લડાઈમાં કદિ હાર્યો

ભૂવડ ઉર્ફે પિથુ થયો, વીરસીંહ શર તોર,
રત્નાદિત્ય રાજા ઘણો, સાચો સૂર શરીર. ૩૫
અપરાધીને દેશથી, કાઢી મૂકી દૂર,
પ્રજા સદૈવ સુખી કરી, મનમાં રહી મગરૂર. ૩૬
નબળો ને દુરગુણી થયો, સામતસીંહ અતુલ,
મુળરાજે મામા તણું, મારી કાઢયું મૂળ. ૩૭

———(:०*०:)———

સોલંકી વંશ.

સવૈયા એકત્રીશાને ઢાળે.

* ભૂવડ કેરી છઠી પેઢીએ, ભુવનાદિત્ય થયો છે જાણુ,
તેના કુંવર રાજ બીજને, દંડક એ ત્રણ ઉરમાં આણુ;
રાજતણો મુળરાજ[૧] કુંવર તે મામાને હણી બેઠો પાટ,
વર્ષ પચાવન રાજ કરીને, પાપતણો મન કીધ ઉચાટ. ૩૮
કુંવર પોતાના ચામુંડને, બોલાવીને પછી સોંપ્યું રાજ,
પોતે તિરથ કરવા ચાલ્યો, કરવા પાપ નિવારણ કાજ;
ચામુંડ ચિત્તમાં ચિત્ત ચાળી, ઉપજ વધારી રાજતણી,
વલ્લભને ગાદી આપી ગ્યો, તિરથ કરવા કાશી ભણી. ૩૯
ત્યાં મારગમાં માળવદેશ-તણો ભુપતિ આડે આવ્યો,

---

* કલ્યાણીનો રાજા.

[૧] આ મૂળરાજે તૈલપણ, સોરઠના ગ્રહરિપુ, ને લાટ દેશના ... ને લડાઈમાં જીત્યા. તેમજ કચ્છના લાખાને લડાઈમાં મા- ર્યો. અજમેરના રાજાને ધન આપી પાછો વાળ્યો.

વલ્લભને એ ખબર થવાથી, વેગે વાર વળી લાવ્યો;
દૈવ ગતિથી વલ્લભને તન, શિતળાકેરો રોગ થયો,
એજ વખતમાં જીવ જવાથી, ચામુંડ ઝટપટ પાટણ ગયો. ૪૦
તેથી નાનો કુંવર **દુર્લભ-સેન** હતો જે શિવનો દાસ,
તેને ગાદીપર બેસાડી, શુકલતિર્થે ગયો તે ખાસ;
દુર્લભસેને દીધું ભત્રિજ, **ભીમદેવને** આખર રાજ,
એહ ભીમ આજે વખણાયો, બાણાવળી નામે મ્હારાજ. ૪૧
એની વેળા ગીજનીનો સુલતાન સવારી લઇ આવ્યો,
ટકર લિધી બે દિવસ સામે, મહમુદ લેશ નહિ ફાવ્યો:
અંતે જંગ મચ્યો જબરોને, દુર્લભ, ભીમ, લડ્યા ભારી,
આખર બન્ને હાર્યા તોપણ, ભીમે કેર કર્યો કારી[૨]. ૪૨

દોહરા.

છેવટ નાશી છૂટતાં, વરતાવ્યું રમખાણ,
હજાર* ત્રણ યવનો તણો, મારી કાઢ્યો ઘાણ. ૪૩
સોમનાથની મૂરતી, મહમુદ તેણી વાર,
તોડીને ધન લઇ ગયો, ગણતાં નાવે પાર. ૪૪

કવિત અથવા મનહર.

કચ્છ દેશ માંહી કંથકોટ તણા કિલ્લા વિષે,
ભીતિથીજ ભીમ ભાગી, એ વેળા છુપાયેલો;
સોમનાથ તણી લૂંટ, લેઇ કંથકોટ બાજુ,
મહમુદ મસાણીઓ, થઇ પુંઠે ધાયેલો:

---

૨. કારમો—નાશ સરખો. * ત્રણ હજાર.

ભીમ ત્યાંથી નાશી ગયો, શત્રુને ન વશ થયો,
ક્રુષ્ટ મહમુદ, દેશ જતાં અથડાયોતો;
પાણી વિના પોકારીને, મુઆં માણસો પોતાનાં,
એ વેળાએ કષ્ટથી તે, અનહદ કાયો તો.[1] ૪૫

દોહરો

બાર પછાડ કરી ગયો, મહમુદ જેણી વાર,
ભીમે આવીને પછી, ચલાવિયો અધિકાર. ૪૬

સવૈયા

એક સમે માળવના રાજા, ભોજે લેવાને ગુજરાત,
પોતાનો સરદાર મુકયો તો, ભીમે ઉર રાખી એ વાત;
સંપ કર્યો કાશીના રાજા, કરણ તણી સાથે નિરધાર,
ચડાઈ કીધી માળવપરને, ભોજ મરણ પામ્યો એવાર. ૪૭
કરણે ધારા નગરી ઉરકે, લૂટયો ઉજ્જનનો ભંડાર,
ભાગ ન આપ્યો ભીમદેવને, તેથી એમાં થઇ તકરાર;
માળવની ઉપજ તે આખર, ભીમે લેવી એમ ઠર્યું,
એક બીજાએ ઉરમાં સમજી, સમાધાન શુભરીત કર્યું. ૪૮

હરિગીત છંદ.

ગુજરાતમાંથી જે સમે, ગિજની ગમુદ પાછો ગયો,
મારગ જવાનો એ તણો, અજમેર પતિ રોકી રહ્યો;
વખત વિશળદેવ ભૂપે, ભીમને બોલાવિયો,
યા મદદ કરવા ઘણા, પણ ભીમ ભૂપ ન આવિયો. ૪૯

---

૧ થયો હતો.

દોહરા.

લશ્કર લઇ આવ્યો પછી, વિશળદે[1] એ વાર,
જોર કરી લડવા જતાં, ભીમે ખાધી હાર. ૫૦
વીસલનગર વસાવજો, જુદ્ધ થયું જે ઠામ,
પ્રધાનથી[2] ધન લેઇને, કબુલત લીધી આમ. ૫૧

સવૈયા.

સીધ અને ચંદીના રાજા, કરતા ભીમતણું અપમાન,
તેને તાબે કીધા ભીમે, ખેંચી ખાસ પોતાનું [illegible]ાન;
પચા[3] વરસ સુધી કીધું વળી, પરાક્રમી એ [illegible] રાજ,
તેના કુંવર ક્ષેમરાજ વળી, કરણ અને જાણો મુગરાજ. ૫૨
ભીમે ઇશ્વર ભક્તિમાં નિજ, ઘડપણ કેરો કાળજરા,[4]
ક્ષેમરાજને રાજ આપતાં, જણાવી મરજી સાથ [illegible];
તેથી રાજ કરણને સોંપી, જઇ વસ્યો તીરથમાં રાત,
ઇન્સાફી એ ભીમ ભૂપતિ, સાચવતો રાખો જે જાય. ૫૩

દોહરા.

ભીમદેવના વખતમાં, વણીક વીમળસાહ,
બહુ દેરાં બંધાવિને, વરતાવી ગ્યો[5] વાહ. ૫૪
આબુપર દેલવાડમાં,[6] આરાસુરપર એમ,
દેરાં શુભ બંધાવિયાં, પૂર્ણ પમાડે પ્રેમ.

સવૈયા.

કોળી રાજાઓને જીતી, કરણે મજબુત રાજ કર્યું,

---

૧ વિશળદેવ. ૨ પ્રધાન મારફતે. ૩ પચાસ.
[illegible]. ૬ દેલવાડામાં.

મોઢેરા[1] પાસે વર્જી મોડું, તળાવ બાંધી નામ થયું;
નગરી કરણાવતી વસાવી, એ સ્થળ અમદાવાદ દિસે,
એ આદિ શુભ કામ એમણે, કીધાં બાવીસ વર્ષ વિષે. ૫૬
રાજા કરણ પડયો તે વેળા, નાની ઉમ્મરનો સિધરાજ,
તેથી તેની માતા મીનળ-દેવી કરવા લાગી રાજ;
એક વખત બાળા રાજાને, લઇને ફરવા ગઇ ગુજરાત,
ચડિ આવ્યો માળવનો રાજા, યશોવરમાએ જાણી વાત. ૫૭
પ્રધાન તેના શાન્તિદાસે,[2] ધન આપીને કીધ વિદાય,
સિદ્ધરાજને મોટુ થવાથી, વાત ન રૂચી દીલ જરાય;
તે વેળાએ તળાવ પૂરૂં, સહસ્ત્રલીંગ તણું કરી કામ,
બાર વરસ તે સાથ લડીને, બહાદૂરીનું કીધું કામ. ૫૮
અંતે ધારા નગરી જીતી, હૈડામાંહે આણી હામ,
માળવપતિને કેદ કરીને, આણ્યો અણહિલપુર જે ઠામ;
સુધરેલી રીતી પરમાણે, રાખી સારી રીતે ધ્યાન,
ક્રોધ પણું પોતાનું દિલથી, દરશાવ્યું દઇને સનમાન. ૫૯

દોહરા.

પાલનપુરમાં જનમિયો,[3] સિદ્ધરાજ જેસંગ,
લાયક વયનો તે થઇ, જીત્યો[4] જબરા જંગ. ૬૦
સોરઠમાં મંઝેવડી, ગામ તણો કુંભાર,
હડમત નામે જે હતો, જંગલમાં ફરનાર. ૬૧

---

[1] પાટણની દક્ષિણે [2] સામતુ બીજો મુંજાલ, અને ઉદાએ ... ાટ કરતા હતા. [3] જન્મ્યો. [4] એવું કહે છે કે, તે- જીત્યા.

જંગલ માંહેથી જડી, [1]કુંવરી તેને એક,
ઉછેરી મોટી કરી, આણી ઉર વિવેક. ૬૨
કરેલ સગપણ તેમનું, સિદ્ધરાજની સાથ,
પણ તે રાણકદેવીને, પરણ્યો સોરઠ નાથ. ૬૩
તેથી ખેંગારપર, સૈન્ય લઇ એ વાર,
ગુર્જર મહારાજા ચઢયો, લડયો વરસ તે બાર. ૬૪
અંતે રાખેંગારના, ફુટયા બે ભાણેજ,[2]
જુનાગઢ કિલ્લા મહીં, પેઠું સૈન્ય સહેજ. ૬૫
જામ્યું જબરૂં જુદ્ધને, માર્યો રાખેંગાર.
વળી દેવીના બાળ બે, માર્યા એણીવાર. ૬૬
ક્રોધતણા આવેશમાં, સિધરાજે એ રીત,
ઝાલીને આણી પછી, રાણકદેવી ભયભીત.
પુનરલગ્ન કરવા કહ્યું, સિધરાજે નિજસંગ,
સતી થઇ દેવી પછી, શીળ ન કીધું ભંગ. ૬૮
આજે પણ વઢવાણની, પાસે દેરી પેખ,
રાણકદેવી નામનો, છે જુનો જ્યાં લેખ. ૬૯

સવૈયો.

શાકંભરી ઉર્ફે અજમેર, તણો રાજા જે અરણોરાજ,
તેની પુત્રીને પરણ્યો તો, પ્રથમ મહારાજ સિધરાજ;

---

૧ એવું કહે છે કે,—સિંધના શપાળ રાજાએ કું
વીને કંઈ વહેમને લીધે જંગલમાં નાંખી દીધી હ
તથા વિશળજી.

પણ અણગમતી પછી જણાતાં, મૂકી દીધાં એ અજમેર,
તેથી બેને યુદ્ધ થયું ને. અરણોરાજ નમ્યો શુભ પેર. ૭૦

દોહરા

ઉત્સાહી સિધરાજ નૃપ, કર્યા સુખી સૌ લોક,
કૂવા વાવ તળાવને, દેરાં કીધ અથોક. ૭૧
ધર્મ સંબંધી સર્વને, આપી છૂટ અપાર,
પોતાનાજ પરાક્રમે, વધારિયો વિસ્તાર. ૭૨
સોરઠને કચ્છ જીતિયા, અચળેશ્વર પણ એમ,
ચંદ્રાવતીના રાયને, કીધો કબજે તેમ. ૭૩
આબૂ તેમજ માળવા, સઘળે ફરતી આણ,
કોલ્હાપુર દક્ષીણમાં, તે નૃપ ડરતો જાણ. ૭૪

છપ્પય છંદ.

મુળરાજે રાખેલ, જેહ રૂદ્રમાળ[1] અધૂરો,
સિધરાજે તે સઘ, સુધારી કીધો પૂરો;
ઓગણપચા વર્ષ, રાજ કર્યું વળી તેણે,
આ ગુજરાતે નામ, મહોટું કાઢયું જેણે;
એવા એ સિધરાજને, એકે પુત્ર હતો નહિં,
ઓરમાન કાકો હતો, ક્ષેમરાજ વંશજ મહીં. ૭૫

દોહરા

કુંવર આ ક્ષેમરાજનો, જાણો દેવપ્રસાદ,

---

[1] જાતની વિશેષ માહીતી પાંચમી ચોપડીનો પાઠ ૪૨ મો.

તેનો ત્રિભુવન પાળતે, અંતર આણો યાદ.
ત્રિભુવનને ત્રણ કુંવરો, કુંવરીઓ બે જાણુ,
મહીપાળ મુખ બોલીને, કિરતીપાળ પ્રમાણુ.
ત્યારપછી ત્રીજો વડો, કુમારપાળ ભુપાળ,
અણગમતો સિધરાજને,[1] લાગ્યો જેવો કાળ. ૭૮
તેને પકડી પાડવા, કીધા યત્ન હજાર,
તેથી કરી પરદેશાની, આપદ વેઠી અપાર. ૭૯
ત્રિભુવનની બે કુંવરી, પ્રેમળદેવી પ્હેલ,
બીજી દેવળદેવીને, કાશ્મિર ભુપ પરેલ ૮

સવૈયા.

કુમારપાળ ખંભાત ગયોતો,[2] યોગી વેશે એક સમે,
કહ્યું હતું **હેમાચાર્યે** કે, રાજ પામશો નિશ્ચય તમે:
એવાં શુભ હિમ્મતનાં વાચક, સુણ્યાં જતી મુખથી જેસાર,
ઉદાયન[3] પાસેથી ધન લઇ, માળવ જાવા થયો તૈયાર. ૮૨
કાળ થયો સિધરાજ તણો તે, ખબર મળી માળવ મોઝાર,
કોડ ધરી કુમારપાળતે, પાટણમાં આવ્યો એ વાર;
મળી સહાય બનેવીની[4] વળી, સામંતો મંત્રિયો સહ,
બેસાડયો પાટે તે વેળા, પચા વર્ષ થયાં તાં[5] પૂર.

---

૧ સિદ્ધરાજને હાથ જોઇ એક જણે કહેલ કે, તમારા કુમારપાળ ગાદીએ બેસશે, આ વાત સિદ્ધરાજને પસંદ નથી તેને મારવા ઘણાં કાવતરાં કર્યાં. ૨ ગયો હતો (ભયથી) ૩ કુમારપાળનો મિત્ર. ૪ કહાનદેવની. ૫

દોહરો.

કુમારપાળ શુરે ઘણા, સરદારોનાં ઝુંડ,
જંગ કરીને હરાવીયા, સરવે ભૂપ પ્રચંડ. ૮૩

હરિગીત છંદ.

નાગોરના નૃપ આનતે, જખમી કરી તાબે કર્યો,
માળવ પતાનો જાતથી, જઇને પરાજય આદર્યો;
કોકણુ પતિપર બે[1] વખત, હલ્લાં કરી કબજે કર્યો,
આર્યા મલીકાર્જુનને, મુખતાર[7] ત્યાં પોતે ર્ક્યો. ૮૪

દોહરા.

ત્રીશ વરસ વીતી ગયાં, ભોગવતાં જ્યાં રાજ,
રક્તપીતના રોગથી, મર્ણું થયું મહારાજ. ૮૫
પુરણ પ્રતાપી એ હતો, વિદ્યાવાન વિશેષ,
જૈન ધરમને માનતો, કીધાં દેરાં એશ. ૮૬
સોમનાથ દેવળ વળી, સમરાવ્યું ધરિ કોડ,
ગ્રંથ ઘણા સંગ્રહ કર્યા, જૈન ધર્મના જોડ. ૮૭
પુત્ર નહોતો પાછળે, પણ અધવ મહિપાળ,
ગાદીપર બેઠો પછી, તેનો તન અજેપાળ. ૮૮
દ્વેષી શ્રાવક ધર્મનો, દેરાં તોડયાં તુરત,[1]
આખરે ભટાદિને હણ્યા, જતા જૈનનું મૂળ. ૮૯
ત્રણ રાજ કિધે થયાં, વર્ષ હજી જયં ત્રણ,

ોકલ્યો હતો. ૭ મુખત્યાર.
થઇ શકે તેમ. ૨ ઉદાયન મંત્રીનો દીકરો.

કટાર[૩] કાઇ પેટીગે, મારી કીધું મર્ણું.

ભુજંગી છંદ.

અજેપાળ રાજા મુઓ જેટવારે, હતી ભીમભોળા તણી સહાય ત્યારે
કિધું નાયકાદેવીએ રાજકાજ, હતો બાળરાજા નામે મૂળરાજ.

દોહરા.

એ વેળા ચડિ આવિયો, શાહબુદ્દિન સરદાર,
ભોળાભીમે ગોરિને, ખચિત પમાડી હાર. ૯૩
કર્યો નાયકાદેવીએ, કારોબાર સ્વીકાર,
પછી મરણ પામ્યો તહીં, મૂળરાજ એ વાર. ૯૪
એ બાળા રાજા તણો, અમલ રહ્યો બે વર્ષ,
ત્યાર પછી ભોળાભીમ.[૪] રાજ લિધું ધરી હર્ષ.
આ વેળા અજમેરની, ગાદીપર ચોહાણ,
સોમેશ્વર નૃપતી હતો, એ અંતરમાં આણ. ૯૫
એ સોમેશ્વર રાયનો, પૃથુરાજ કુમાર,
નાનાની ગાદીપરે, હતો દિલ્લી હકદાર. ૯૬

કવિત-અથવા મનહર.

આબુપતિ પરમાર જેતસી રાજાને ત્યાં,
પૃથુરાજનો વિવાહ[૧] કરવામાં આવ્યો તો;
તેમ છતાં માગી કન્યા, ભોળાભીમ ભૂપતિએ,
આબુપતિએ ન આપી, સંદેશડો કાવ્યો તો:
અંતે અજમેર એહ કન્યાને મોકલી દીધી

---

૩ વિજયદેવ દ્વારપાળે. ૪ બાળ મુળરાજનો કાકો.
૧ ઇચ્છનકુંવરી સાથે.

આબુપર ભીમ મોટી, સેના સઘ લાવ્યો તો;
તે વેળાએ આબુપતિ, સાથે જુદ્ધ જામ્યું ભારી,
અજમેર સુધી પુઠે, ધાઇને હરાવ્યો તેહ. ૯૭

દોહરા.

જુદ્ધ થયું અજમેરની, પાસે જેણીવાર,
સોમેશ્વર ચોહાણને, મારી કીધો ઠાર. ૯૮
ભીમ ગયો જય મેળવી, સ્વદેશ એણીવાર,
પ્રથુરાજ લશ્કર લઇ, લડવા થયોરે તૈયાર. ૯૯
વેર પિતાનું વાળવા, આવ્યો એ ગુજરાત,
જંગ મચ્યો જબરો અને, હાર્યો ગુજ્જર નાથ. ૧૦૦

સવૈયા.

શાહબુદ્દીને કરી સવારી, પૃથુરાજપર ત્યારપછી,
રજપુત રાજ ગયું દિલ્હીનું, મુસલમાનને હાથ નકી;
કુતુબુદ્દિનને દિલ્હીને, અજમેર તણો સુબો રાખ્યો,
ઝેર વળી ફરીને ખવરાવી, કેર ઘણોજ કરી નાંખ્યો. ૧૦૧

દોહરા.

ત્યારપછી અજમેરથી, કુતબુદ્દિનને દૂર,
કરવા યત્ન કર્યો ભીમે, એ વખતેજ જરૂર. ૧૦૨
બાજી રાજાથી મળી, જિત્યો સુબાને શૂર,
ઘાયલ કીધો એ સમે, છુટી ગયું સહુ નૂર. ૧૦૩
ણ આવી ત્યાં શાહની,૧ કુમક વળી એવાર,

---

૧ ફોજ.

અણહિલપુર કબજે કર્યું, ભાગ્યો ભીમ સરદાર. ૧

પણ રજપૂતો સર્વનું, જોર હતું ભરપૂર,
ભીમે ફરી ગુજરાતને, કબજે કીધ જરૂર.
એ વેળાએ બહુ બહુ, બંડ કરી સરદાર,
માંડળીકોને સામતો, લડીમુઆ હદપાર.
સોલંકી જયસીંહની, વરતાવી જગ આ
અણહિલપુર હસ્તક કર્યું, એજ
પણ પાછું ત્રણ વર્ષમાં
ત્રિભુવનપાળે તે

સવૈયો—:

ચડાકિને અવિચારી ભોળો-ભી
જે ત્રણ વેળા હાર્યો તોપણ, ...નપૂર.
એ ગાદીપર વધૂ વરસ, વનરા... ... કર્યું તું[2] રાજ,
તેથી પણ ત્રણ વર્ષ વધારે, રાજ કરી ગ્યો[3] આ મ્હારાજ. ૧૦૯

વાઘેલા વંશ.

સવૈયા એકત્રીશા.

અરણોરાજ શુરો વાઘેલો, તેનો કુંવર લવણપ્રસાદ,
હતો ભોમભોળાનો મંત્રી, અંતરમાં એ આણો વાદ;
પણ પાછળથી કુસંપ થતાં, લવણપ્રસાદે જીત્યા દેશ.
ધંધુકામાં કીધી ગાદી, બતાવિને બ્હાદૂરી[1] બેશ.

---

૨ હતું. ૩ ગયો.

૧ ભીમદેવની સામે બંડ ઉઠાવ્યું હતું.

તેનો કુંવર વીરધવળ તે, પરાક્રમી પૂરો પ્રખ્યાત,
રાજવિષે કરી દીધ વધારો, જીતી ગોધ્રા ને ખંભાત;
તે વેળાએ તેજપાળને, જાણો વસ્તુપાળ પ્રધાન,
રાજકાજને રણમાં જેઓ, જણાવલા છે ચતુર સુજાણ. ૧૧૧

દોહરા.

તનુજ બે, વીરમ, વીશળદેવ,
...ી. નાવી મળતી ટેવ. ૨ ૧૧૨
... વીરમગામ,
...પી તેણી ઠામ. ૧૧૩
...ગું થયું જેવાર,
...કીધ વિચાર.
વસ્તુપાળે ... ને લીધ પ્રાણ,
ફરી સ્વારી તે પછી, અણહિલપુર પર જાણ. ૧૧૪
કાઢી ત્રિભુવનપાળને, હાથ કર્યું ગુજરાત,
હરાવિને શત્રુ બધા, ખૂબ વધારી ખ્યાત. ૧૧૫

સવૈયા.

વીશળદેવે વીસનગરને, વીજાપૂર વસાવી ગામ,
ડભોઇનો કિલ્લો બંધાવ્યો, રૈયત રાજી થઇ તમામ;
અર્જુનદેવ થયો એના પછી, સારંગદેવ ફરજ઼ંદ સો,
ગુજરાતી બેઠો અંતે, એ રજપુત રાજા છેલ્લો. ૧૧૬

દોહરા.

---

૨ ...ગનો આંકો નહીં.

ધિ.

પર ચાર પ્રમાણ,

કીધ સમાપ્તી ગાયુ.

માહીતી.

બેસતી વખત તિલક કરનાર સાહુકાર

રના દીકરી.

ચાંપો—વનરાજનો કારભારી.

વનુભા—વનરાજનું બાળપણનું ગુપ્ત નામ.

રાજ—મુળરાજનો બાપ.

લીલાદેવી—રાજની રાણી અને સામતસીંહની બેન

દેવળદેવી—કુમારપાળની બહેન.

રૂપસુંદરી—જયશિખરની રાણી.

મીનળદેવી—ભુવડની કુંવરી.

હેમાચાર્ય ઉર્ફે ચાંગદેવ તે મોઢવણીક

તેનું નામ સોમદેવ મુની પાડ્યું હતું.

વસ્તુપાળ—તેજપાળ-વીરધવળના મંત્રી પોરવાડવાણીઆ હતા.

[illegible]દેવી—અજેપાળની રાણી અને બાળમુળરાજની મા.

સમાપ્ત.